લશંકર ફારસ.

દોહરો.

બેઠી સમાણી બાપડી, ખોરો પાપડ ખાય,
વાટે જોતાં વાંદરો, ઘડી ઘડી ગંધાય.

છપાવી પ્રસિદ્ધ કર્ત્તા.

માસ્તર નાનાલાલ મગનલાલ.

જાદુ મંત્રનાં પુસ્તકો વેચનાર

ઠેકાણું-રીચીરોડની સડક ઉપર-અમદાવાદ.

શ્રી "સત્યસાગર" પ્રિન્ટીંગ પ્રેસ.—અમદાવાદ.

આવૃત્તિ ૧ લી   સને ૧૯૧૦

કિમ્મત એક આનો.

માસ્તર નાનાલાલે રચેલા પુસ્તકોની યાદી.

વાર્તાઓ

વસંત ચંબેલી.
મોતી.
માણેક.
હીરા
ગુલાબ
જાસુદ.
ચંડાલ ચોકડી
સુંદર ચંપા
પારીસ—લંડન

નાટકો

સંગીત લીલાવતી નાટક.
સુમતી વીલાસ લીલાવતી.
લીલાવતીના ગાયનો
જહાંગીરના ”
ચાંપરાજ હાડો ”
પૃથુરાજના ”
જગદેવ પરમાર ”
ગ નમહનાગરો ”
સદેવંત સાવળીંગા ”
ગજરામારૂના ”
ખુદા દોસ્ત ... ”
પુ ષ્પની મ ફી ”
વરા ગને રધોડો ”
વીજળી વીના ”
રમુજાબદના ગાયન
જીવન મધુર ગાયન રસ,

ફારસો.

પુરુષ ચરીત્ર
સ્ત્રી ચરીત્ર
વાઢાનો વરઘોડો
ગગલી ઘાંચણ
ચાંપલી માલણ.
રંગીલી દરજણ.
છટકેલી છીનાળ
ગપ સપનો ફારસ.
ગમ્મત ઘંટ.
મુળચંદ મેહેતા ને સમરત શેઠાણી.
ગટર પટર ગપાટા
છેલ છબીલી.
સુંદરલાલ શેઠ
અલીભાઇ વહોરાજી
મચેરશા મરઘા.
પટંગની ફજેતી
યુરોપીયનોના હોળી
ફારસ સંગ્રહ
ઓ । ખાગણી
કણબી કુમારણ
મળી મોચણ (છપાયછે)
ડોકટર ડબાજી ગીનાઉજી
નથુભાઈ પેચકણ
ચાડીઆ ચાટનો ફારસ
ગુણવતી ગંગા
શીયળવંતી સલુણી

આ સીવાય બીજા પરચુરણ પુસ્તકો પુષ્કળ છપાવ્યાં છે.

ફુલશંકરનો ફારસ.

શ્રીમાળીની જ્ઞાતિમાં પુર્ણ પ્રખ્યાતી પામેલા સાંકળેશ્વર પંડયાનો મુર્ખ પુત્ર ફુલશંકર તદ્દન વર્ણશંકર નેવડવાથી તે જ્ઞાતિના ઘણા શ્રીમાનો દિલગીર થતા હતા. કારણકે ફુલશંકરની ખાનદાન કુટુંબની નિર્દોષ સ્વભાવવાળી ભોળી પત્ની સટોરીયા સ્વામીના બળાપામાં ને બળાપામાં ઝુરી ઝુરીને પરલોકવાસ પામી હતી. તેથી આ વાંદરશીકલી બ્યંઢળને બીજી કન્યા મળશે કે કેમ તે એક સવાલ હતો? પરંતુ જયાં ગામ હોય ત્યાં ઢેડવાડો પણ હોય છે એ કહેવત સાચી ઠરાવનાર ધોળગઢના × × × પારેખ (ત્રણ ચોકડીને ઠેકાણે ધાંયજા શબ્દ ન ગોઠવી દેતા ભાઇ) જીવતા જાગતા તૈયાર હતા. એમને મણી નામની અધુરી કેળવણી લેઇ ઉદ્ધત બનેલી છકેલી છોકરી પંદર વર્ષની થઇ પણ કોઇ પરણનાર ન મળવાથી માથે પડેલી હતી. પારેખ પૈસામાં ગબ્બર ગોળવા જેવા હતા પણ કંજુસાઇમા તો મખ્ખીચુસ મારવાડીને પણ વટલાવે તેવા હોવાથી એમનું આ નામાંકિત કન્યા રત્ન ઉકેડીની માફક ઉછર્યે જતુ હતું તેમ ધન્ય ભાગ્ય બંન્ને ભાવી પુરૂષોનાં કે એક બાજુ ફુલશંકર રંડાયા અને બીજી બાજુ મણીકુવરી સોળમાં વર્ષની

સાલગીરીમાં પેઠાં ! પારેખ મ્હોં વકાસીનેજ બેઠા હતા અને કંકુના ચાંલ્લે કન્યા વળાવવાની વાટજ જોતા હતા, ત્યાં જ્ઞાતિના ગોર મહારાજે કુલશંકર રંડાયાના વધામણાં આપ્યાં ! પારેખ મનમાં ખુબ ખુશી થયા, કારણ કે તેઓ જાણુતા હતા કે આ મંગળ મુર્તી કુલશંકરમાં કેટલું પાણી છે ? તથા તેના સટ્ટાના બટ્ટા લાવનાર ધંધાને લીધે એને કોઈ ગામની ગધાડી પણ પરણાવવાનો નથી. તેથી શાંત ચહેરે બોલ્યા, ગોરમહારાજ તમે ખબર લાવ્યા એમાં અમારૂં શું વળ્યુ ! તેમ એ વર કાંઈ આપણી મણીને લાયક છે ? મણી પહેરવે ઓઢવે લગીર ટાપટીપ વાળી, બોલવે ચાલવે-જુઓતો બોલકણી અને કુલશંકર પક્કો લોભી ને સટ્ટો રિયો જુગારી એટલે એવાને મારી ગાય જેવી ગોરી ગબરૂ દીકરી કેમ દેવાય ! તમે જાણોછો કે સટ્ટામા તો કઇકના ઘરબાર ને હવેલીઓ હરાજ થઇ તો પછી જાણી જોઇને એવો જમાઈ શોધું તો દુનિયા મને દળી ન ખાય ? મારે તો ધર્મે એ ઢંગ વિનાના ઢેડાને દિકરી દેવી નથી. એમ કહી પારેખ તો પડશાળમાંથી ઉઠીને બહાર ન્હાવા બેઠા. ગોર મહારાજના મનમા કે લાકડે માંકડુ વળગાડી વચમાંથી પાંચ પચાશ કુટી કહાડીશું. પણ અહીં તો બન્ને મખ્ખીચુશ મશાણી ત્યા બીચારાનો શો દી વળે ? કુલશકર તો ઉલટો ગોરનુ શાક હજમ કરી જાય એવો નંગ ત્યાં વળી વચમાંથી ગાળો શો નીકળે ? તોપણ મ્હોટા ધ-

ક ને કન્યા વિના રખડે તે ઠીક નહીં એમ ધારી અહીં તહીં ધરમના ધક્કા ખાવા લાગ્યો. જેમ તેમ તેને સમજાવ્યા, તેમ વચમાં બીજા પણ પડયા ને બીબીનુ જોડુ બેસાડી આપ્યું. પારેખ તો મનમાં ...જ થયા કે ઘરમાંથી તો પાપ ગયું. પણ એ કુલણુજી (કુલશંકરે) એ બીચારી મરનારીને નકામી મારી ઝુડીને ત્રાહ ત્રાહ પોકરાવી છે તો તેનો તોર મારી મણી સારો બેશ ઉતારશે અને એને એવો ઠેકાણે લાવશે કે બે ઘડી લોકો પણ જોઇ રહેશે.

× × × ×

લગ્ન થયાને બે ત્રણ વર્ષ વીતી ગયાં, મણીને બે ત્રણ છોકરાં પણ થઈ ગયાં અને કુલશંકર હવે પ્હેલાના કુલશંકર નથી. સ્વભાવમાં ચીડીયણ ડાકણ જોઇ લ્યો. કારણ કે મણીએ ધીમે ધીમે પોતાનું રાજ એવું જમાવી દીધું કે કુલા પંડયા મોં વકાશી જોયાજ કરે. ચું કે ચાં બોલાય નહી. નવી રાણી (મણી) ની હાએ હા ને નાએ ના. ઉઠય કહે તો ઉઠવું ને બેસ કહે તો બેસવુ. કદાપી ભૂલ થઈ હોય ને મા બેન સામી ગાળ દે તો સુખેથી શાંખવી. કારણ કે એ મુએલાં કયાં જોવા રોવા આવવાનાં હતાં ? પણ જો ભુલ્યે ચુકયે ચંદનાવતારી મણી મહારાણીને એકાદ વચન જીભલડીમાંથી નીકળી ગયું તો જોઇ લેવી ભાઇની મજાહ ! એક કહેતાંની સાથે એકયાશી સાંભળવા ઉપરાંત સાત દહાડા સુધી રાત્રે બબ્બે વાગ્યે ઉઠી ચાકરની પેઠે પાણી ભરવું

પડે, વાસીદુ વાળવું પડે, અને છેવટે ઘરનાં કમ
વ્હાલી વહુનાં સાહ્યા કુબજાને પોલકાં સાબુ દ
પડે. છોકરાંની ગાંડ ધોવી પડે વીગેરે દંડ જુ
બજારમાં જાય તો વેપારીઓ કાછડી કાઢે, પાઘડીમા ધુળ
હોય તો ધપ્પા મારી ખંખેરે અને આવો શ્રીમાળીન
ઠીયા કહી ધુળનાં પડીકાંથી પારેખના જમાઇને વધાવી લ.
તો પણ કુલશંકર બીચારો ભલો. એટલુ એટલું ખમતાં
પણ પા પાટનો કે એકાદ ખાંડીનો સ્હેપલો કરી આખું
બજાર હચમચાવી નાંખે. જોનારો તો એમજ જાણે કે આ-
ખા ગામનો વેપાર આ રૂડા રતનને ત્યાંજ છે મીલોવાળાનાં
સરવૈયાં કુલશંકરને મ્હોડે, રૂના ભાવની વધ ઘટ કુલશં-
કરના વેઢે, ને ગામની સત્યાનાશના તારીખની કુલશકરને
પેહેલેથી ખબર પડે! કેવો ભલો ચમત્કારી અને ત્રિકાળ-
જ્ઞાની પુરૂષ?! વાંચનારને અરજ કરવામા આવે છે કે ત-
મારી પોળમા કે તમારા મોહોલ્લામાં એવુ રત્ન હોય તો
તાકીદે શાહપરના શાન્તિગૃહમાં પારસલ કરી મોકલી આપજોજી
નહીં તો કદાપી ભોગ મળશે બાપુ! પરમાત્મા ભુલ્યે ચુકયે
પણ પ્રભાતમાં એવાનુ મ્હોઢું ન દેખાડે તો સારૂં.

× × × ×

પ્રભાવતીની માયા! ત્રીપુરાશકરના દિકરા લાલશંકર
લટકાળાને ત્યાં પ્રભાવતી નામની રાંડીરાંડ રસોઇયણ રહેતી હ-
તી, તે શેઠાણીની ચીઠી પત્રીની આપ લેમાં તેનું પોગળ
પકડાઇ જવાથી લાલશંકરે તેને હડધુત કરીને ઘરમાંથી
કાઢી મુકી હતી. હવે બીજી કોઇ જાતની આવડત નહી

હું પેટ કેમ ભરાશે તેની આ શોભન સુંદરીને . કેમ કરવું તે કાંઇ સુઝે નહીં. એવામાં એક કેરમાં મણીને પ્રભાવતીની મુલાકાત થઈ. મણી ણીને બની ઠણી જાણતી હતી પણ રાંધણ કળામાં ચક્કર જેવડું મીડુ જાણતી હતી. એટલે દાળ ભાતને રોટલી જેવી સાધારણ ખોરાકની ચીજો બનાવતાં પણ ન-હોતી આવડતી. તેથી તેણે પ્રભાવતીને ઇધર તીધરની લા-લચો બતાવી પોતાના ત્યાં આવતી જતી કરી. તે એટલે સુધી કે બે બ્હેનો હોય તેમ સાથે બેસી હીંચોળે ઝુલે આવો બા ને બેસો બાથી એક બેકની ગમે તેવી ગુપ્ત વાતો કરે. અને મણીને રોતાને રાધતાં નહોતું આવડતું તે ધીમે ધીમે પ્રભાવતી પાસેથી શીખી લીધું. કુલશંકર આ બધી ચર્ચા જોઇ રાજી થતો કે "રંડી લડતી હય ઝઘડતી હય મગર ઘરકી ખબર રખતી હય" ની માફક આ રંડા પાસેથી રાધતાં રોતાં શીખી લે છે તે ઠીક કરે છે. બીજી તરફ પહોચલબુટી પ્રભાવતી મનમાં એમ રાજી થતી કે ધીમે ધીમે તાલ લગાડી મણીને આપણા પડખામા લેઇ કોઇ સદ્ધર શેઠની શોબતમાં પાડીશું તો આપણું ઠેકાણું પડી જશે. આ રીતે સા પોત પોતાની ગતમાં રમતા હતા. એમ કરતાં કેટલોક વખત ગયા બાદ મણીને પ્રભાવતીની માયા બહુજ વધી ગઈ ને જે ઝવેરીના જુવાન પુત્ર સાથે મણીને મ્હોબત લાગી હતી તેના સંદેશા લાવવા લઇ જવામાં પ્રભાવતી

પટ્ટરાણી થઈ. પરતુ ઝવેરીના ધંધાને લીધે ; ઘણું ખરૂં મુંબઇ રહેવું પડતું હતું ત્યાં પણ આ કુની પ્રેમ પત્રીકાઓ પોષ્ટદ્વારા જતી આવતી હ કર્મના સંજોગે એવો બનાવ બન્યો કે કોઇ જરૂર કાજ સારૂ તે જુવાનને મુંબઇથી એકદમ બહાર ગામ પડયું, અને તેની ગેરહાજરીમાં આવતા તમામ કાગળ પત્રો તેના પરોપકારી પીતાશ્રીના વાંચવામાં આવતા હતા તે અરસામા કેટલાક કાગળો કુલશંકરની મણીના તેમના હાથમાં આવ્યા. પરંતુ ડાહ્યા માણુસો સાહસ કરતા નથી. તેમ જાણે પોતે કાંઇ જાણુતા નથી તેમ તે કાગળો પોતાની પાસે શેઠે સાચવી રાખ્યા અને દિકરાને તે બાબત કાઇ પણ ખબર પડવા દીધી નહીં. પરતુ કુટુંબ કલેશના લીધે બાપ દીકરાને કજીયો થયો ને કોર્ટ કેસ જવાનો વખત આવ્યો. ત્યારે પોતાનો દીકરો કેવી ચાલનો છે તે સાબીત કરવાને મણીના કાગળો રજુ કરવાની વાત ઉઘાડવી પડી. કુલશં-કરના કાને આ વાત આવવાથી એના મ્હો ઉપર તો શાહીનો ખડીયો ઢાળાયો એવી કાળાશ આવી ગઇ, રાત્રે ઉંઘ આવે નહીં, ચારે ચોટે એની એજ ફજેતીના ફાળકા ઉડતા હોય તેથી બહાર જવાય નહી. તેમ કેટલોક વખત સુધી બહાર નીકળવું પણ બધ કરવુ પડયુ. એટલામાં વળી બીજો ભડકો ઉઠયો—

જીવડો એકને ગ્રાહક ઘણા, એકની વાંસે ચાર ચાર

ટાંકુરની મણીને ફેશનેબલ કપડાંનો તો મુળથીજ અહીં તો શરીર ઢાંકવા સવા રૂપરડીનો સાલ્લોએ સોગન ! ત્યારે તે બીચારીએ નવી તદબીર શોધી કોઇ કાપડીયાની દોસ્તી બાંધવી કે જેથી મન કપડા લત્તાં તો મફત મળે. તેમ કોઈ એવી પરાઈ ામનો શોધવો કે જેથી લોકો વાતો કરતાં તો અચકે. આવા ઉદ્દેશે એક વોહોરો કાપડીયો શોધી કાઢયો. હવે આપણે જાણીયે છીયે કે વેપારના કામમા વોહોરા જેવી શાણી અને અને સંપીલી જાત કોઇ નથી. જો કદાપી એકાદ વોહોરો ખાવા બેઠો હોય ને બીજા બ ર વોહોરાજી ઓચીતા આવી ચઢે તો બધા ભેગા બેઓીને એક એક નવાલો—કોળીયો—પણ ખાઈ સતોષ માને. તેમ મણીની બાબતમાં પણ એમજ બન્યું. જે વોહોરા જોડે તેણે દોસ્તી કરી એના ભાઈબધો પણ બીચારા શોખીન જીવડા હતા તેથી તેણે પોતાના દો-સ્તોને વાત કહી કે યાર એક ફક્કડ બ્રાહ્મણી મારી દુકાને આવે છે માટે તમે કહો તો તેનો ઘાટ ઉતારીયે પણ એમાં પાંચ દશ ખરચ થાય તેમ છે. એના દોસ્તો કહે કે એમાં તે શું મોટી વાત ! દસ રૂપીયા ખરચતાએ નાજની પઠા-ણના કીસ્સા જેવુ તો થશે. ને વળી ધીમે ધીમે સમજાવી એને આપણી જમાતમાં દાખલ કરીશું તો સવાબનુ કામ છે. આમ નક્કી કરી એક દીવસ તેઓએ ફરવા જવાનો નક્કી કર્યો. એવામાં બનાવ એવો બન્યો કે જીવરાજ ભટ નામના એક ભલા માણસના જોવામાં એ ફારસ આવ્યો અને તેણે તો આ સરકસ દરિયાપાર પોપટવાડીએ પહોંચ્યું પણ

નહીં હોય તે મ્હેલાં તો ઢંઢેરા પીટી માર્યો કે (પુલ્યા તો નહી હોય ?)ની મણી સઘરામમાં ઇનું પડીકું લઇ ચાર વોહોરાની સાથે છટકેઈ માફક મોજ મારવા ગઇ ! અરે તારૂં ભલું થા રાજ ! જરીક તો પેટમાં વાત રાખવી હતી ? પણ બા... ભોળા આદમીને પાપ પેટમા શું કરવા પચાવવું પડે ? પાપ પચાવે તો આફરો ન ચડે ? વાત તો વાયરે ચડી ? મણી મોજ મારીને આવતાં આવતાં તો ચકલે ચકલે એના નામની ચાદરો બધાણી. ચારેક વાગતાં મણી શેઠાણી મોજ મારીને આવ્યા કે આગળ પાછળ જે તે આંગળીઓ કરતું જણાયું. પણ તેનો ભેદ તે ઇસ્કમાં આંધળી થયેલીને સમજાયો નહી ઘરમા પેસતાજ કુલશંકરે મીજાજ ખોઇ દીધો, રડા કરમ ચંડાળ, કીયા તારા બનેવીની સાથે ગઈ'તી ? અરેરે કોઈ દહાડો ટુકારો ન સાખેલો એવી મણી કુલશંકરની આ ગાળો સાંખે ખરી કે ? તેણીયે તરત તડુકો કર્યો, બનેવી તમારો, સમજયા કે ? જેમ આવે તેમ મ્હોંમાંથી ઘુ કાઢતા લાજતા નથી. નકામા ઘાંટા કાઢી લોક ભેગાં કરવાં છે ? આવતાંની સાથેજ ખાઉ ખાઉ શું કરી રહ્યા છો ? આવો રોફ જોતાંજ કુલશંકર તો ઠંડાગારજ થઈ ગયા. મણી રસોડામાં રાંધવા પેઠી. એટલામાં ભોગ ચોઘડીએ પ્રભાવતીજી આવી ચડયાં. પછી જોઇ લ્યો મજાહ ! આઇની દાઝ બાઇપર નીકળી ગઇ ! બારણામાં પેસતાંની સાથેજ કુલશંકરે

સંભળાવી દીધી, ઢેડની જણી જોજે હવે મારા મેલ્યો તો આ કમચાળથી તારૂ માથું ના રંગી ારો બાપ બ્રાહ્મણ નહીં. શોભન સુંદરી પ્રભા- શેઠનો આ દમ જોઇ એકદમ પગથીયામાંથી ભગી- ગણી ગઇ ! ! !

* * * *

ત્રીપુરાશંકરના લાલશકરને ખબર પડી કે × × × પારેખની મણી બહુ ફાંકડીને છેલ છબીલી છે અને પ્રભા- વતીને અને તેને ગાઢી દોસ્તી છે. તેથી લાલશકરે તુચ્છ- કારી કાઢેલી રસોઇયણને પાછી બોલાવી નોકરીયે રાખવાની લાલચ આપી. આંખ્યમાં અજન આજનારી ગોરી ગોરાણી સ્વભાવે ભોળી હોવાથી ખુશી ખુશી થઇ ગઇ અને શેઠને મણી મેળવી આપી. બીજે ત્રીજે રોજ મુલાકાત થવા માંડી. શેઠની ગાડી સવાર સાંજ મણીની હવેલી આગળથી જતી. મણી પણ તે ટાઇમસર બહાર આવી આખ્યના ઉલાળાને હસ્તની ઇશારતથી આવકાર આપવા લાગી ગમે તે બ્હાને બપોર સપોર આશકને મળવા જતી. મુળશકર ઘેર છોકરાં સભાળતો. સટ્ટામાં કેટલુંક નુકશાન જવાથી થોડા વખત સટ્ટા બજારને સલામ કરી હતી. પરતુ પ્રીયા પ્રેમના સટ્ટાનો વેપાર પુર છૂટથી ચાલે છે. મણીને સગા વ્હાલા સાથે સખીપણું કે સ્નેહ નથી. પણ પ્રેમ બજારમાં બહુ બેહેનપણીઓ પ્રાપ્ત કરી છે. રોજ હવેલીના ઓટલે પલાંઠો મારી જતી આવતી જુગતે જોડાની બેહેનપણીઓને ધોળા રૂમાલના ઘજાગરાથી

બોલાવી આનંદની વાતો કરે છે. ફુલશંકર મ. હાથમાંની તમાકુના કાંકરા વીણતાં વીણતાં જ્હલીઓના દેદીપ્યમાન દેદાર બીલાડીની માફક દુખે છે. મણીના પ્રતાપે ઘાચી મોચીને ઘાંયજીના પણ માસા થઇ શકયા છે. કહો ફુલશંકરને આના. સુખ જોઈએ ? લાલશંકર લટકાળાના પ્રતાપે મણીને પણ મોતીના કાપ, માણેકના રોઝ, અને ઝવેરીના દીકરા તરફથી મુંબઇથી ભેટ આવેલી સોનેરી મોતીદાણાની માળા જે જોઇએ તે મળયુ છે અને તેથી ફુલશંકર મનમાં સમજી રહ્યા છે કે રાડના રજ્યે આપણી મુડીમાં વધારો થાય છે ત્યારે નકામો. પટ પટારો કરવો એમાં શો માલ !

× × ×

વખત જતા વાર લાગતી નથી. શેહેરમાં મરકી પુર જોષથી ફાટી નીકળી છે. લોકો જોત જોતામાં મરણને શરણ થવા લાગ્યા છે સરકારને સ્થાનિક સ્વરાજયવાળી મ્યુનિસિપાલીટીના ચાપતા ઈલાજો છતાં રોગની શાંન્તી થતી નથી. આવા મામલા વખતે એકાએક ફુલશંકરને તાવ આવ્યો. સાથળમાં સ્હેજ દુખવા લાગ્યુ કે મણીને ધાસ્તી લાગી કે નક્કી પ્લેગ થશે અને કદાપી મરી જશે તો મારી શી વલે થશે ? વડીલો પારજીત મીલકત રહી અને જમ જેવાં સગાં વ્હાલાં રહ્યાં તે બધું કબજે કરી લે તો હું શું કરૂં ? માટે આ લોભીયાને સમજાવી વીલ વસીયત કે બક્ષીસનામું કરાવી લઉં તો ઠીક. આમ વિચાર કરી ફુલશંકરના પડખે

સમજાવવા લાગી કે જુઓ તમે તો સમજુ વ્હાલા શીખામણ ઘો તેવા ડાહ્યા છો, પણ કાલની ડે. એટલા સારૂ આપણે આમ ન સામન વીલ બીચે તો કેવું સારૂં ? કાલ ઉઠીને હું મરી જઉં તે ... પીયરીયાં તમને પજવે કે મારી દીકરીનું આ હતું ને તે હતું તો તમને નાહક પચાતી પડે. વાસ્તે આપણે આમન સામન વીલ કરી નાંખીયે કે એમાંથી જે કોઇ જીવતું હોય તેને બધી મીલકત બક્ષીસ. લોભી ફુલશંકર જાણે બૈરીજ પહેલી મરી જવાની હોય ને સાસરીયા આપેલું પાછુ પડાવી ન લે વાસ્તે તેમ કરવા તૈયાર થયો અને ગુપચુપ કામ આટોપી લીધું. સામા સામી સહી શાખ સાથે વીલ થઈ ગયાં. બંન્ને એક એકનાં મનમાં સમજ્યાં કે "અમે ઇડરીયો ગઢ જીત્યાં !"

તીસરી જાગી ! લગનગાળાની ધામધુમ ચાલે છે. દીકરીઓની સંખ્યા વધતી જાય છે પણ દીકરો થતો નથી. મણીગવરી મહાદેવ મદીર ને સુડીયા પાસે માનતાઓ લેવા જાય છે. કે કાંઇ કરતાં દીકરો થાય ! ફુલશંકર સમજે છે કે દસ દસ વર્ષ પરણે થયા પણ દીકરો તો નામેજ નહી, વાસ્તે ત્રીજી કરવી. એ વીના વશ રહેનાર નથી. ગોરને કહી રાખ્યું કે કોઇ સારા ઘરની ગોઠવણ થાય તો શરત રાખજે, આપણો વિચાર છે. આ રાંડને તો કંઇ થતું નથી. ગોર જરા ફુટા બોલો હતો તેથી હસ્તાં હસ્તાં બોલ્યો કે સાહેબ, છીનાળને

છોકરાં થતાં હોય તો વેરથાવાહામાં છોકરાઓનો હોત ! છતાં વારૂ ભાઈ, તમારા લાયક કોઇ ટ ધ્યાનમાં રાખીશ એમ કહી માંથુ કાપી પાઘડ બીજી બાજુ મણીના જાણવામાં આવ્યું કે વર્ણશંક- શોધવા ફરે છે એટલે એણે જ્યાં ત્યાં એની રેવડી લુટાવ્યા * માંડી. કે હવે આટલે વર્ષ શક્તિજ શી બળી છે! રોયો હીજડો મારા જેવો છે! જો એનામાં દમ હોય તો મને આટલાં થયા ને હવે કયમ ન થાય ? શરીર પોતાનું બગ- ડયું ને વાંક મારો કાઢવા નીકળ્યો. એવા તે કોના ભોગ લાગ્યા હશે કે રોયા એ હીજડાને દીકરી દઇ બીચારીનો મનખો બાળશે ! પીટયાનું વાંદરા જેવું ડાચુંજ કોને ગમે એવુ છે ? ના મળે સગા કુટુંબીઓથી સલાહ સંપ, ના મળે કાંઇ ધધોધારી કે ના મળે અક્કલ બક્કલ. સકારા હોય તો શેઠાઈ ના મળે ? બળ્યા એના ઢગ ! શું કરીયે બા, માથે પડયો એટલે ભોગવ્યા વિના છુટકો છે ? વાણીયા બ્રાહ્મણના પરણેતરમા કાઈ નાતરે જવાય છે ? શુ કરીયે કે માબાપની આબરૂ સામુ જોવું પડે છે, નહીતો રોયા કરમ ભમરાળને બરોબર સ્વાદ ચખાડત ! (વાચનાર આ- ટલું વાચ્યા પછી તમેજ કહોને કે હવે ફુલશંકરને શો સ્વાદ ચખાડવો બાકી રહ્યો છે ?) શ્રીમાળીની જ્ઞાતિમાં વૃદ્ધ વિવાહની કાંઈક વધુ છુટ હોય તેમ જણાય છે. કારણ કે ફુલશંકર જ્ઞાતિના કાયદાનું ઘણું સારૂં જ્ઞાન ધરાવતો મનાય છે અને

રીઆ બળદિયામાંનો એક આખલો ગણાય છે. કનું કહેવું એવું છે કે એ બેઠી શમાણીની સુરતમાં એકાદ પાચો ઓછો છે! ખરૂં ખોટું જ્ઞાની ના ભાર જોષી શું કામ તાંણે! કારણ કે આજ ગળુગનો મહિમાજ એવો ચાલે છે કે—

દોહરો.

કુમ અક્કલ ઘોડે ફરે, મરદ ફરે બેહાલ;
સતિ નાર ભૂખે મરે, પેંડા ખાય છીનાળ.
બેઠી શમાણી કાપ દે, સુદર સોનુ કપાય;
સુગધદાર સુખડ જુઓ, પથ્થર સગ ઘસાય.
પાપી પામે પાલખી, દાનો દેખે દુખ;
અંતે નીચ નરકે જશે, દાનો દેવ સન્મુખ.
જ્ઞાન કળશે ભરો આત્મા, સમતા રસ સુગધ;
નીજ સ્વરૂપ નયણે તરે, તુટે કર્મ પ્રબધ.

વાંચનાર ભાઇઓ ને બ્હેનો, આ નાનકડી વાર્તામાંથી મુળ સાર એજ લેવાનો છે કે પોતાના બાળકોને શુદ્ધ અને સંગિન કેળવણી આપવી કે જેથી તેઓ ભવિષ્યમા પ્રમાણિકપણે પોતાનો સંસાર સુખ રૂપ ચલાવી સુયશ પામી સદ્દગતીયે જાય.
